**નવી બાબત ૨૦૨૩-૨૪**

રાજ્યમાં જુવેનાઇલ ડાયાબીટીશની બિમારી ધરાવતા બાળકોને નિદાન - સારવાર પુરી પાડવા બાબત.

(રૂ.૧૩૮૮.૦૦ લાખ)

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ,

ઠરાવ ક્રમાંક : HFWD/NIT/e-file/7/2023/1165/B

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૬/૨૦૨૩

**વંચાણે લીધા :**

૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અંદાજપત્ર પ્રકાશનના પાના નં- ૨૩૨

૨) અધિક નિયામકશ્રી(આ.), કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગરના તા.૧૦/૦૪/૨૦૨૩ના પત્ર ક્રમાંકઃ HEC/0146/04/2023

**પ્રસ્તાવના :**

રાજ્યમાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત જુવેનાઇલ ડાયાબીટીશની બિમારી ધરાવતા બાળકોને સારવાર પુરી પાડવા જરૂરી સાધન સામગ્રી અને તપાસ ના હેતુસર રૂ.૧૩,૮૮,૦૦૦,૦૦-૦૦ (અંકે રૂપિયા તેર કરોડ અઠ્યાસી લાખ) ની રકમની જોગવાઇ ઉપરોક્ત વંચાણે લીધેલમાં ક્રમ - (૧) પરના સને ૨૦૨૩-૨૪ નવી બાબતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. સદર જોગવાઇને વહીવટી મંજૂરી આપવા માટે અધિક નિયામકશ્રી (જા.આ.), કમિશનરશ્રી (આરોગ્ય) ની કચેરી,ગાંધીનગર દ્વારા ઉપરોક્ત વંચાણે લીધેલમાં ક્રમ - (૨) પરના તા.૧૦/૪/૨૦૨૩ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત જુવેનાઇલ ડાયાબીટીશની બિમારી ધરાવતા બાળકોને સમયસર નિદાન,સારવાર પુરી પાડવા માટે રૂ.૧૩,૮૮,૦૦૦,૦૦-૦૦ (અંકે રૂપિયા તેર કરોડ અઠ્યાસી લાખ) ની રકમની સને ૨૦૨૩-૨૪ નવી બાબતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અંદાજપત્રમાં થયેલ જોગવાઇની રકમને નીચે દર્શાવેલ શરતોને આધીન અધિક નિયામકશ્રી (જાહેર આરોગ્ય), કમિશનરશ્રી (આરોગ્ય) ની કચેરી, ગાંધીનગરની દરખાસ્તને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**લાભાર્થી:-**

૧.૧ આ યોજના રાજ્યના તમામ જીલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તાર (નગર પાલિકા વિસ્તાર, મહાનગરપાલિકા વિસ્તાર અને નોટીફાઇડ એરીયા) માં રહેતા જુવેનાઇલ ડાયાબીટીશ (ટાઇપ-૧ ડાયાબીટીશ) નો રોગ ધરાવતા તમામ વ્યક્તિઓ.

**લાભાર્થીને આપવામાં આવતા લાભ:-**

૨.૧ જુવેનાઇલ ડાયાબીટીશ (ટાઇપ-૧ ડાયાબીટીશ) ધરાવતા તમામ દર્દીઓને નિયમિત વિનામૂલ્યે નિદાન અને સારવારની સુવિધા.

૨.૨ ઉક્ત સારવારમાં મુખ્યત્વે નીચે મુજબની વિનામૂલ્યે સારવારનો સમાવેશ કરવાનો રહેશે.

- શાળા આરોગ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થય કાર્યક્રમ મોબાઇલ હેલ્થ ટીમ દ્વારા ૧૮ વર્ષ સુધીના દર્દીઓનું વિનામૂલ્યે પ્રાથમિક નિદાન, ઓળખ અને નોંધણી
- ગ્રામ્ય સ્તરે કોમ્યુનીટી હેલ્થ ઓફિસર (HWC) અને શહેરી સ્તરે મેડિકલ ઓફિસર (HWC) દ્વારા ૧૮ વર્ષથી વધુ વય જુથના દર્દીઓની નિયમિત વિનામૂલ્યે નિદાન અને સારવાર
- કોમ્પ્લીકેશનની વિનામૂલ્યે સારવાર
- ત્રિસ્તરીય સારવારનો સમાવેશ
- કાઉન્સેલીંગની સેવાઓ
- યોજનાની બહોળી પ્રસિધ્ધી માટે પ્રચાર,પ્રસારની કામગીરી જેવી કે-જાહેરાત, પેમ્ફલેટ, પોસ્ટર, હોર્ડિંગ્સ વગેરેથી પ્રચાપ્રસારની કામગીરી-.કરવાની રહેશે

**અમલીકરણ:-**

૩.૧ રાજ્ય કક્ષાએ શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ દ્વારા સમગ્ર યોજનાની અમલવારી કરવાની રહેશે.

૩.૨ શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થય કાર્યક્રમ મોબાઇલ હેલ્થ ટીમ દ્વારા ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોનાં સ્ક્રીનીંગ કાર્યક્રમ દરમ્યાન Juvenile Diabetes (Type-1 Diabetes)નો રોગ ધરાવતા બાળકોની ઓળખ કરવામાં આવશે અને તેઓની નોંધણી કરવામાં આવશે.

૩.૩ ગ્રામ્ય સ્તરે કોમ્યુનીટી હેલ્થ ઓફિસર (HWC) અને શહેરી સ્તરે મેડિકલ ઓફિસર (HWC) દ્વારા ૧૮ વર્ષથી વધુ વય જુથના Juvenile Diabetes( Type-1 Diabetes)નો રોગ ધરાવતા દર્દીઓની ઓળખ, નિયમિત નિદાન અને સારવાર વિનામૂલ્યે આપવામાં આવશે.

૩.૪ સારવાર પર મુકાયેલ તમામ બાળકોને નિયમીત સારવાર મળી રહે તે Medical Officer દ્વારા સુનિશ્ચિત કરવાનુ રહેશે.

૩.૫ ઉક્ત કામગીરી માટે Medical Officer PHC/UPHCએ CHO HWC (ગ્રામ્ય સ્તરે) અને M.O HWC (શહેરી સ્તરે)ની મદદ લેવાની રહેશે.

૩.૬ આ તમામ બાળકોને Pediatrician/ physician ને રીફર કરવામાં આવશે અને તેઓ દ્વારા જરૂરી તપાસ હાથ ધરી સારવાર ચાલુ કરવામાં આવશે.

૩.૭ જિલ્લા કક્ષાએ RCHO આ યોજનાના જિલ્લા નોડલ અધિકારી તરીકે રહેશે તેઓને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવાની રહેશે.

૩.૮ આ યોજના હેઠળ ફરિયાદ નિવારણ હેતુસર રાજ્ય કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ રાજ્ય ફરિયાદ નિવારણ સમિતિ અને જિલ્લા ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવાની રહેશે.

૩.૯ આ યોજનાના સુચારૂ અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શક સુચનાઓ અને અમલીકરણ માર્ગદર્શિકાઓ વખતો વખત બહાર પાડવાની રહેશે.

**<u>નવી યોજના મંજૂર કરવા અંગેની શરતો:</u>**

A. આ યોજના હેઠ્ળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

B. આ યોજનાનો અમલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના કમિશનરશ્રી (આરોગ્ય) ની કચેરી મારફતે કરવાનો રહેશે

C. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

D. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે

E. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

F. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિથી જ આપવાની રહેશે

G. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

H. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

I. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

J. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે .

K. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે .

L. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

M. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે

N. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

O. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે

P. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

Q. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

R. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

S. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

T. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે

Signature Not Verified
Signed by: A K CHAUHAN
Section Officer
Date: 2023.07.24
16:43:15 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

U. **<u>પ્રથમ પાંચ વર્ષ માટે આ યોજનાનો અમલ કરવાનો રહેશે</u>**

આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદરે ઉધારવાનો રહેશે

માંગણી ક્રમાંક - ૩૯

મુખ્ય સદર - ૨૨૧૦ - તબીબી અને જાહેર આરોગ્ય

પેટા મુખ્ય સદર - ૦૬

ગૌણ સદર - ૧૧૨ – જાહેર આરોગ્ય શિક્ષણ

પેટા સદર - (૦૨) એચએલટી ૪૦ શાળા આરોગ્ય કાર્યક્રમ (આયોજન)

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૬/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.કે.ચૌહાણ)

સેકશન અધિકારી

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ,

પ્રતિ,

- કમિશ્નરશ્રી(આરોગ્ય),કમીશ્નરશ્રી-આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, બ્લોક નં. ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અધિક નિયામકશ્રી(જાહેર આરોગ્ય), કમીશ્નરશ્રી-આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, બ્લોક નં. ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અધિક નિયામકશ્રી(પરિવાર કલ્યાણ), કમીશ્નરશ્રી-આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, બ્લોક નં. ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સંબંધિત વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય તબીબી સેવાઓની કચેરી,(કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી મારફત)
- મહાલેખાકારશ્રી, અમદાવાદ / રાજકોટ
- નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(આરોગ્ય) આરોગ્ય અને પરિવાર કલ્યાણવિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંબંધિત મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી, કમીશનરશ્રી(આરોગ્ય)ની કચેરી મારફત)
- બજેટ શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખાપસંદગી ફાઇલ.
- સીસ્ટમ મેનેજરશ્રી (આરોગ્ય) તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ

Signature Not Verified
Signed by:A K CHAUHAN
Section Officer
Date: 2023.07.24
16:43:15 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign